**આંક–**

| | |
|---|---|
| રજુ તારીખ | ૩૦/૦૧/૨૦૨૬ |
| દાખલ તારીખ | ૩૦/૦૧/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૦૩/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

**મે. મજૂર અદાલત, નડીઆદના એકસ ઓફિસિઓ કમિશ્નર ફોર ઘી વ. કો. એકટ**
**શ્રી બી. કે. રાવલ સાહેબ સમક્ષ.**

**<u>ડિસ્ટ્રીબ્યુશન અરજી નં. : ૦૩/૨૦૨૬</u>**

<u>અરજદાર</u> :<u>ગુજ.આશીષકુમાર ચંદ્રબલીરામના વારસદારો</u>
(૧) આદિત્યકુમાર ચંદ્રબલી રામ, ઉ.વ.૪૪ (પિતા)
(૨) સોનામતિદેવી આદિત્યકુમાર રામ, ઉ.વ.૪૧ (માતા)
(૩) અંકિતાકુમારી આદિત્યકુમાર રામ, ઉ.વ.૧૯ (બહેન)
(૪) અભિનવકુમાર આદિત્યકુમાર રામ, ઉ.વ.૧૫ (ભાઈ)
(૫) અંકેશકુમાર આદિત્યકુમાર રામ, ઉ.વ.૦૯ (ભાઈ)
રહે.૭૩, પતેજી બહાદુર, ખુંજવા,
સિવાન, બીહાર –૮૪૧૫૦૨.

**: <u>વિરૂધ્ધ</u> :**

<u>સામાવાળા :</u> એજીસ ગેસ (એલ.પી.જી.) પ્રા.લી.,
પ્લોટ નં.૮૧૬, ખેડા ખંભાત રોડ,
ગામ તરણેજ, પો.લીંબાસી,
તા.માતર, જી.ખેડા.

<u>હાજર રહયા</u> : અરજદારો તરફે – વિ.પ્ર.શ્રી જે.યુ.રાજ
સામાવાળા તરફે – જાતે

**: <u>હુકમ</u> :**

(૧) આ કામના સામાવાળાને ત્યાં કામ કરતા ગુજરનાર આશિષકુમારનું કામ દરમ્યાન અકસ્માતે મૃત્યુ થતાં આ કામના સામાવાળાએ અત્રેની

ઓથોરીટી સમક્ષ, કવર લેટર, ચેક, ગણતરીનું પત્રક, વીમા પોલીસી, ફોર્મ–એ, હાજરીપત્રક, પગાર સ્લીપ, કામદારનું મરણનું પ્રમાણપત્ર, ગુજરનાર તથા અરજદારોના આધારકાર્ડ, રેશનકાર્ડ, પાનકાર્ડ, બેંકના ખાતાની પાસબુકની ઝેરોક્ષ અને અસલ ચેક રજુ કરેલ છે.

(૨) આ કામના અરજદારો તરફે આંક–૧૬ થી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ રજુ કરેલ છે અને આંક–૧૭ નું ડોકયુમેન્ટ લીસ્ટ રજુ કરી, પેઢીનામું, ફોટા પુરશીસ, સરનામા પુરશીસ, મરણના દાખલા, જન્મના દાખલા, આધારકાર્ડ અને સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે સામાવાળાને નોટીસ કાઢતા તેઓ તરફે આંક–૧૫ થી જમા કરાવેલ રકમ અરજદારોને ચુકવવામાં આવે તો વાંધો નથી તેવી પુરશીસ રજુ કરેલ છે.

(૪) હવે જયારે સામાવાળા કંપનીએ ગુજરનારના આશ્રિતોને વળતર ચુકવવા માટે અત્રે ચેક જમા કરાવેલ હોઈ અને તે રકમ સંદર્ભે અરજદારો કે સામાવાળાએ કોઈ વાંધો લીધેલ ન હોઈ, આ રકમ અરજદારોને ચુકવવાની થાય છે. અરજદાર નં.૩ અંકીતાકુમારી પુખ્ત વયના છે પરંતુ અપરણિત હોઈ તેણી કલમ–૨(૧)ડી મુજબ ગુજરનારની આશ્રિત ગણાશે. તે જ રીતે અરજદાર નં.૪ અને નં.૫ નાઓ પણ સગીર વયના હોઈ, તેઓ બંને પણ ગુજરનારના આશ્રિત ગણાશે. જમા થયેલ રકમ, ગુજરનારનો સરેરાશ માસીક પગાર, ગુજરનારની ઉંમર, તેની સામેનું ફેકટર વિગેરે ધ્યાને લેતા સામાવાળાએ જમા કરાવેલ રકમ યોગ્ય જણાય છે. આ સંજોગોમાં કેસની હકીકત ધ્યાને લેતા, રેકર્ડ ઉપર રજુ થયેલા સોગંદનામાઓ ધ્યાને લેતા તથા નામ. ગુજરાત હાઈકોર્ટના *૨૦૦૭, એલ.એલ.આર., પાના*

*નં.૧૦૮૫, ન્યુ ઈન્ડીયા ઈન્સ. કું. લી. વિ. નરશી ડી. હરીજન*નો ચુકાદો ધ્યાને લેતા જમા થયેલ રકમની વહેંચણી નીચે મુજબ કરવામાં આવે છે.

**-::હુકમ::-**

અત્રેની વ.કો.કમીશ્નરની કચેરીમાં સામાવાળા વીમા કંપનીએ ડીપોઝીટ કરાવેલ રકમ **રૂા.૧૫,૦૦,૦૦૦/-** (અંકે રુપિયા પંદર લાખ) પુરા કે જે બેંક ઓફ મહારાષ્ટ્ર, નડીઆદ શાખામાં રીસીપ્ટ નં.૯૧૬૪૪૨ તથા એકાઉન્ટ નં.૬૦૫૭૩૩૫૨૪૩૧ થી જમા રહેલ છે તે રકમમાંથી અરજદારોને નીચેની વિગતે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | નામ | આશ્રીતોને ભાગે આવતી રકમ | રોકડમાં ચુકવવાની રકમ (એકાઉન્ટ પેઈ ચેક) | એફ.ડી.ની રકમ | મુદત. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | આદિત્યકુમાર ચંદ્રબલી રામ (પિતા) | ૪,૦૦,૦૦૦/- | ૬૦,૦૦૦/- | ૩,૪૦,૦૦૦/- | ૫ વર્ષ |
| ૨. | સોનામતી દેવી આદિત્યકુમાર (માતા) | ૫,૦૦,૦૦૦/- | ૭૫,૦૦૦/- | ૪,૨૫,૦૦૦/- | ૫ વર્ષ |
| ૩. | અંકીતાકુમારી આદિત્યકુમાર રામ (બહેન-અપરણિત) | ૨,૦૦,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૧,૭૦,૦૦૦/- | ૫ વર્ષ |
| ૪. | સગીર અભિનવકુમાર આદિત્યકુમાર (ભાઈ) | ૨,૦૦,૦૦૦/- | ---- | ૨,૦૦,૦૦૦/- | પાંચ વર્ષ અથવા પુખ્ત વય થાય તે બેમાંથી જે મોડું હોય તેવા સમયગાળા સુધી એફ.ડી. માં રાખવી |
| ૫. | સગીર અંકેશકુમાર આદિત્યકુમાર (ભાઈ) | ૨,૦૦,૦૦૦/- | ---- | ૨,૦૦,૦૦૦/- | પાંચ વર્ષ અથવા પુખ્ત વય થાય તે બેમાંથી જે મોડું હોય તેવા સમયગાળા સુધી એફ.ડી. માં રાખવી |
| | **કુલ ...........** | **૧૫,૦૦,૦૦૦/-** | **૧,૬૫,૦૦૦/-** | **૧૩,૩૫,૦૦૦/-** | |

**-::શ ર તો::-**

૧. આશ્રીતોને રોકડમાં ચુકવવાની થતી રકમ જે તે આશ્રીતની ઓળખાણ અંગેની ખરાઈ કર્યા બાદ એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવી.

૨. આ કામની એફ.ડી.ની રકમ કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકની નડીઆદ શાખામાં એફ.ડી. કરવી અને સગીર અરજદારના કિસ્સામાં પાંચ વર્ષ અથવા પુખ્ત વયના થાય તે બેમાંથી જે મોડું હોય તેવા સમયગાળા માટે એફ.ડી. કરવી.

૩. ઉપરોકત એફ.ડી. ઉપર જમા થયેલ આજ દિન સુધીનું વ્યાજ અરજદાર નં.૧ આદિત્યકુમાર ચંદ્રબલી રામને એકાઉન્ટ પેઈ ચેકથી/ખાતામાં સીધું ચુકવવું.

બેંકે હવે પછી થનાર એફ.ડી.ની રકમ ઉપર જમા થતા વ્યાજની રકમ જે તે અરજદાર/આશ્રીતને તેની એફ.ડી.નું વ્યાજ દર ત્રણ માસે તેને એકાઉન્ટ પેઈ ચેકથી/ખાતામાં સીધું ચુકવવુ. અરજદારોને સીનીયર સીટીઝનનો લાભ મળવા પાત્ર હોય તો આપવો.

સગીર અરજદાર / આશ્રીત નં.૪ અભિનવકુમાર અને નં.૫ અંકેશકુમારની એફ.ડી.નું વ્યાજ તેઓ પુખ્ત થતાં સુધી તેના ભરણપોષણ માટે તેના વાલી અરજદાર નં.૧ **આદિત્યકુમાર ચંદ્રબલી રામને** દર ત્રણ માસે ચુકવવુ. પુખ્ત થયા બાદ જે તે અરજદારને તેને પોતાને ચુકવવુ.

૪. બેંકે નામદાર કોર્ટના હુકમ સિવાય આ કામની એફ.ડી. ઉપર આશ્રીતોને કોઈ લોન કે ધિરાણ કે અન્ય ઈતર વ્યવહાર કરવો નહી કે એફ.ડી. પ્રિમેચ્યોર રીલીઝ કરવી નહી. આ અંગે એફ.ડી. રસીદ ઉપર લાલ શેરો કરવો.

૫. બેંકે આ કામની એફ.ડી.ની રકમ જે તે અરજદાર/આશ્રીત તથા એકસ ઓફીસીયો કમિશ્નર ફોર ધી વ.કો.એકટના સંયુકત નામે કરવી.

૬. બેંકે હવે પછી થનાર એફ.ડી.ની અસલ પાવતી **દિન-૧૦** માં અત્રેની કોર્ટમાં રજુ કરવી.

સબંધિત બેંક તરફ યાદી કરવી.

**તારીખ : ૦૩/૦૬/૨૦૨૬.**
**નડીઆદ.**
(M.D.)

**(ભાવેશ કિશોરકુમાર રાવલ)**
**એકસ ઓફિસીઓ કમિશ્નર**
**ફોર ધી વ. કો. એકટ, એન્ડ જજ**
**મજુર અદાલત, નડીઆદ.**
**GJ01255**